ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૭-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ‘ભોમિયા વિના’ ભમનારા આર્ષદષ્ટાએ ભજવી ભોમિયાની જ ભૂમિકા

સાબરકાંઠાની ડુંગરાળ ધરતીનાં ખળખળતાં ઝરણાંનાં જળ પીને ઊછરેલાં વિશ્વકવિ ઉમાશંકર જોશીએ કવિતા ખાતર કવિતા નહોતી લખી. એમની ભીંતર વસતો હતો એક નવરો ગરવો ગામડાનો માનવી જે પોતાને ‘હું માનવી ઢેફું વસુંધરાનું’ કહેવામાં કે ધરાની ધૂળ માતે ધરવામાં નાનમ નહોતો અનુભવતો. હા, એને વ્યક્તિ મટીને વિશ્વ માનવી બનવાની ઉમેદ જરૂર હતી. એટલે એ સતત વિકસતો રહ્યો, મહોરતો રહ્યો અને પૃથ્વીપટેથી ‘નિશીથ’નાં માપ કાઢતો રહ્યો. એક તરફ એને અંબરની ઊંચાઈ અને પાતાળનાં ઊંડાણનું આકર્ષણ હતું તો બીજી તરફ ખેંચાણ હતું પેલા મૂઠી હાડકંના માણસનું, જે સાબરમતીના તીરે દધીચિની જેમ એનાં હાડ ગાળી રહ્યો હતો. ઉમાશંકરે એક સાથે વેદના ઋચા અને ગાંધીસૂત્રોનું ભાષ્ય રચ્યું છે. ‘વિશ્વશાંતિ’ જેવું લાંબુ કાવ્ય એમની ભીતર સળવળતા ઋષિની જ પ્રતીતિ કરાવે છે. ‘ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો -’ એમ કહીએ કોની સામે આંગળી ચીંધે છે? વિનાશને આરે ઊભેલી માનવજાત માટે સત્ય અને અહિંસાનો અમીકૂંપો લઇને ઊભેલાં ગાંધીના રસ્તે ચાલવાની વાત કરનાર કવિ પાછો કયારેક માર્ક્સની ચેતવણી પણ ઉચ્ચારી બેસે છે. એ શોષિતોનો પક્ષ લઈને ભદ્રતાનો અંચળો ઓઢી મહાલતા નહીં સુધરો તો -

**‘ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,**
**ને ખંડેરની ભસ્મકણી ન લાધશે!’**

ઉમાશંકર જોષી સંવેદનશીલ લોકનાયક છે. એમને એકલા મનુષ્યની ફિકર નથી. એમને સમસ્ત સૃષ્ટિની ચિંતા છે.

**‘વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી;**
**પશુ છે, પંખી છે, પુષ્પો : વનોની છે વનસ્પતિ!’**

કવિએ ગુજરાત અને ગુજરાતીને મન ભરીને ચાહ્યાં છે. પોતે પોતાની જાતને એ ગુજરાતી ભાષામાં લખતા ભારતીય કવિ તરીકે ઓળખાવવાનું પસંદ કરતા. બલકે ગુજરાતી વ્યક્તિ સંકુચિત હોઈ જ ન શકે, એવી દૃઢ માન્યતા ધરાવતા. ‘એ કેવો ગુજરાતી - જે હો કેવળ ગુજરાતી?’ એમને રાષ્ટ્ર અને વિશ્વ પ્રત્યેની ફરજ પ્રત્યે સભાન રહીને ‘ગુજરાત મોરી મોરી રે’ નું ગીત ગાયું છે. ગુજરાતી ભાષાને આવાં લાડ લડાવનાર કવિની આજે જન્મજયંતી છે. એમણે એક અદનો શિક્ષક અને કલમનું વરદાન પામેલ સર્જક પોતાનું કામ કરતાં કરતાં કેવાં ઊંચા નિશાન તાકી શકે, તે પોતાના આચરણ દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. એમના અવસાનને વર્ષો વીતી ગયા છે છતાં ઉમાશંકરને ગુજરાત ભૂલ્યું નથી, ભૂલી શકે પણ નહીં. બાંગ્લામાં જે સ્થાન ગુરૂદેવ રવીંદ્રનાથ ઠાકુરનું છે તેથી લેશ પણ ઊતરતું સ્થાન આપણી ભાષામાં ઉમાશંકરનું નથી. ઉમાશંકરે ગુજરાત અને ગુજરાતીને એક મૂઠી ઊંચેરી ઓળખ અર્પી છે. હેમચંદ્રાચાર્ય અને નરસિંહ-મીરાં તથા અખા - શામળ - પ્રેમાનંદની તથા દલપત-નર્મદ અને નાનાલાલની આ ગરવી ગિરા ગુર્જરીને વિશ્વ ગુર્જરીની ગરિમા આપવાનું સૌથી મોટું શ્રેય કોઈ એક જ સર્જકને આપવાનું હોય તો એ ઉમાશંકર જોશીને જ અપાવું જોઇએ. ગોવર્ધનરામની મહાનવલ જેવી કોઇ ‘સાગા’ નહીં રચી હોવા છતાં ઉમાશંકરનું સર્વાંગી પ્રદાન એ આર્ષ સર્જકની પંગતમાં બેસે એ બરનું છે. એક ઉત્તમ અધ્યાપક અને સર્વોત્તમ કુલપતિ ઉપરાંત ઉમાશંકર જોશીએ રાજયસભાના નિયુક્ત સદસ્ય તરીકે એક ઉત્તમ નિર્ભીક લોકનિષ્ઠ સાંસદની ભૂમિકા ભજવી હતી, તેની નોંધ લેવાવી જોઇએ. એમને સંસદસભ્ય બનાવનાર સ્વ. ઈન્દિરા ગાંધી સામે જ એમને કટોકળી કાળમાં બળવાનો બૂંગિયો ફૂંકીને સાચો સર્જકધર્મ - નાગરિક ધર્મ બજાવ્યો હતો. પન્નાલાલ જેવા બાળ ગોઠિયાને પ્રોત્સાહિત કરી એમને આપણી ભાષાને માતબર નવલકથાકાર અપાવ્યો. જ્ઞાનપીઠ પારિતોષિક જેવું ગરિમાભર્યું સન્માન જે ત્રણ ગુજરાતી સર્જકોને પ્રાપ્ત થયું છે તે પૈકી બે તો આ સાબર પુત્રો જ હતા, તે શું સૂચક નથી? યોગાનુયોગ આજે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનો પણ જન્મદિવસ છે. ઉમાશંકર-સુંદરમની પ્રતિમાઓ કવિઓની વતનભોમકામાં મૂકવાનું શ્રેય એમના ફાળે જાય છે. એમને પણ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.



નવા સેકટરોનો વિકાસ થાય પણ જૂના સેકટરોની ઉપેક્ષા થાય તે કેટલા અંશે યોગ્ય છે...? જૂના સેકટરોનાં મકાનો, બગીચાઓ અને કાટ ખાઈ ગયેલ રમતનાં સાધનોને જોઈ અફસાસ તો ચોકકસ થાય કે કાશ... યોગ્ય કાળજી લેવાય તો કોઈ બાળપણ ખીલતું જોવા મળે...

(તસવીર : કશ્યપ નિમાવત)

**મફત પાઠ્યપુસ્તક યોજનાનો ફિયાસ્કો**

# ધો. ૯-૧૦ના અનેક વિદ્યાર્થી પાઠ્યપુસ્તકથી હજુય વંચિત

## જરૂરિયાત સામે અડધા જ પુસ્તકો મળ્યા હોવાની જિલ્લા શિક્ષણ અધિકારીની ફરિયાદ : પાઠ્યપુસ્તક મંડળ મૌન

અમદાવાદ, તા.૨૦

સમગ્ર રાજયમાં ભાર વિના ભણતર આપવાનો દાવો કરતી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પાઠ્યપુસ્તક મંડળે માંગણી કરતા ઓછા પુસ્તકો આપ્યા છે જેના કારણે રાજયમાં ધોરણ નવ અને ૧૦ના અનેક વિદ્યાર્થીઓ પુસ્તક વિના અભ્યાસ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઇ છે.

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા અને ગરીબ તથા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસમાં તકલીફ ન પડે તે માટે દર વર્ષે દરેક જિલ્લામાં એસટી, એસસી, ઓબીસી અને અન્ય પછાત જ્ઞાતિઓના સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિના મુલ્યે પાઠ્ય પુસ્તકો આપવામાં આવે છે. આ માટે જે તે જિલ્લામાં કેટલા પાઠ્ય પુસ્તકોની જરૂર છે તેની માહિતી મંગાવવામાં આવે છે. ત્યારે દરેક જિલ્લાઓ ગત વર્ષે જ સંભવિત વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી પાઠ્ય પુસ્તકની માંગણી પાઠ્યપુસ્તક મંડળને મોકલી આપી હતી. પરંતુ પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તમામ જિલ્લાઓમાં જેટલી માંગણી હતી તેના કરતા અડધા જ પુસ્તકો પુરા પાડવામાં આવ્યા છે. પરિણામે શાળાઓમાં અભ્યાસ કરતા અડધા કરતા વધુ વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોથી વંચિત રહી જવા પામ્યા છે. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારીઓ દ્વારા પાઠ્યપુસ્તક મંડળમાં વારંવાર રજૂઆત કરવા છતાં કોઇ જવાબ આપવામાં આવતો નથી. બીજી બાજુ શાળાઓ દ્વારા કેટલા પુસ્તકો તેમને મળ્યા તે પુસ્તકો શાળાઓના વિદ્યાર્થીઓને વેચી દેવાયા છે. જ્યારે બાકીના વિદ્યાર્થીઓને જો પાઠ્યપુસ્તક મંડળમાંથી પુસ્તકો મળશે તો ફાળવવામાં આવશે.

## નિફ્ટ ખાતે ત્રિ-દિવસીય સ્ટુડન્ટ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં ફેશન ટેકનોલોજી ક્ષેત્રે શિક્ષણ આપતી સંસ્થા નિફ્ટમાં તા. ૨૩મી જુલાઈથી ત્રણ દિવસીય સ્ટુડન્ટ ઓરિએન્ટશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને શિક્ષણ તેમજ ગુજરાત વિશે ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક માહિતી આપવામાં આવશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વિખ્યાત વ્યકિતઓ દ્વારા સંબોધવામાં આવશે. આ કાર્યક્રમમાં નિફ્ટના વર્ષ ૨૦૧૪-૨૦૧૮ માટેની પીજી બેચ તેમજ વર્ષ ૨૦૧૪-૨૦૧૪ માટેની યુજી બેચના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

## સીવીએમ સંચાલિત સૅરલિપ દ્વારા સરદાર પટેલ જ્ઞાનવર્ધક કસોટી


ચારુતર વિદ્યામંડળ(સી વી એમ) સંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના ઉપક્રમે ‘સરદાર પટેલ જ્ઞાનવર્ધક કસોટી ૨૦૧૪’ અન્વયે આણંદ અને ખેડા જિલ્લાનાં ધોરણ-૫ થી ૧૨નાં વિદ્યાર્થીઓ માટે ગુજરાતી,હિંદી અને અંગ્રેજીમાં ઈનામી નિબંધસ્પર્ધાની જાહેરાત કરવામાં આવી છે. આગામી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૪ સુધીમાં સ્પર્ધકોએ જે તે શાળાનાં આચાર્યના પ્રમાણપત્ર સાથે પોતાના નિબંધો ‘સૅરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર’ ને પાઠવવાના રહેશે, એવું સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ જાહેર કર્યું હતું.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના નેતૃત્વમાં સ્થપાયેલી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો અંગે અભ્યાસ અને સંશોધન કરનાર સમગ્ર દેશની સર્વપ્રથમ અને એકમાત્ર સંશોધન સંસ્થા સૅરલિપ જ્ઞાનવર્ધક કસોટી અંતર્ગત વિવિધ આયોજનો દ્વારા સમાજમાં અખંડ ભારતના શિલ્પી અને ચરોતરના સપૂત સરદાર પટેલવિષયક જાગૃતિ લાવવા માંગે છે. આ નિબંધસ્પર્ધામાં આણંદ અને ખેડા જિલ્લાના શિક્ષણાધિકારીશ્રીઓ તથા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓનો સહકાર પણ મળી રહ્યો છે. શ્રેષ્ઠ ઈનામી નિબંધ વિજેતાઓને હજારો રૂપિયાનાં ઈનામો અને પ્રમાણપત્રોની જાહેરાત પણ કરાઈ છે.

સૅરલિપના નિવેદનમાં જણાવાયું છે કે નિબંધસ્પર્ધાના વિષયો આ મુજબ છે : (૧) સરદાર પટેલનું બાળપણ (૨) વિદ્યાર્થી વલ્લભભાઈ પટેલ (૩) વલ્લભભાઈ : બાળકોના નેતા (૪) વલ્લભભાઈમાં ધાર્મિક સંસ્કાર (૫) પેટલાદમાં વિદ્યાર્થી વલ્લભભાઈ (૬) વિનોદી વલ્લભભાઈ (૭) સાહસિક સરદાર પટેલ (૮) સરદાર વલ્લભભાઈ અને વીર વિઠ્ઠલભાઈ (૯) બારડોલી સત્યાગ્રહ અને વલ્લભભાઈ (૧૦) અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલ

સ્પર્ધક વિદ્યાર્થીઓએ ફૂલસ્કૅપ પેપર પર હસ્તલિખિત નિબંધો ધોરણ ૫ થી ૮ માટે ૫૦૦ શબ્દોની મર્યાદામાં અને ધોરણ ૯ થી ૧૨ માટે ૨૦૦૦ શબ્દોની મર્યાદામાં મોકલાવાના રહેશે. વધુ માહિતી માટે નિબંધસ્પર્ધાના સંયોજકો (૧) ડૉ.વસંત પટેલ (૯૬૨૪૫૫૬૬૫૪) અને (૨) પ્રા.અંકિત પટેલ (૯૯૨૫૦૧૫૬૯૭)નો સંપર્ક કરી શકાશે.

## હરિની દૃષ્ટિ...




**ના સાહેબ, બાળકોને કોઈ જ તકલીફ નથી, અને પહેલે થી જ બાળકોને શીખવી દીધું છે, આ દેશમાં અભ્યાસ દરમિયાન ઉત્પન્ન થતી ગમે તે પરિસ્થિતિમાં આનંદીત કેમ રહેવું...!!**

## સે-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલે ૪૪મો સ્થાપના દિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ શાળામાં ૪૪માં જન્મ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શહેરમાં ૧૯૭૦માં માઉન્ટ કાર્મેલ સ્કુલ સ્થાપવામાં આવી હતી ત્યારે ગત તા. ૧૫ જુલાઈના રોજ જન્મ દિવસ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના કરવામાં આવી હતી. બાળકોએ નારી શકિતના દર્શન કરાવતા વિવિધ નૃત્યો રજુ કરી દંગ કર્યા હતા. તેમજ વિવિધ ટેબ્લો દ્વારા કાર્મેલના મૂલ્યો, કૌશલ્યો અને નૈતિકતાના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની પૂર્ણાહુતિમાં શાળાના બેન્ડ દ્વારા સ્કુલ ઍંથમ વગાડવામાં આવ્યું હતું.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. કડાણા, વણાકબોરી અને પાનમ બંધ યોજના ગુજરાતના કયા જિલ્લામાં આવેલી છે ?
➔ **મહીસાગર**
૨. ગીરની ટેકરીઓ કયા જિલ્લામાં આવેલી છે ?
➔ **અમરેલી, જૂનાગઢ અને ગીર સોમનાથ**
૩. ગુજરાતના કેટલા જિલ્લાની સરહદ દરિયા કિનારાને સ્પર્શે છે ?
➔ **૧૫**
૪. ગુજરાતના કેટલા જિલ્લા અન્ય રાજયની સરહદ સાથે જોડાયેલા છે ?
➔ **૧૧**
૫. ગુજરાતના કેટલા જિલ્લા મધ્યપ્રદેશ રાજય સાથે સરહદ ધરાવે છે ?
➔ **બે (દાહોદ, છોટા ઉદેપુર)**
૬. ગુજરાતના કેટલા જિલ્લા મહારાષ્ટ્ર રાજય સાથે સરહદ ધરાવે છે ?
➔ **૬ (છ)**
૭. ગુજરાતના કેટલા જિલ્લા બે રાજયની સરહદ ધરાવે છે ?
➔ **બે દાહોદ (રાજસ્થાન, મધ્યપ્રદેશ), છોટા ઉદેપુર (મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર)**
૮. ગુજરાતના કેટલા જિલ્લા કચ્છના મોટા કે નાના રણ સાથે જોડાયેલા છે ?
➔ **પાંચ**
૯. તાજેતરમાં નર્મદા જિલ્લામાં કયા નવા તાલુકાની રચના થવા પામી છે ?
➔ **ગરૂડેશ્વર**
૧૦. વર્ષ ૨૦૧૩માં રાજયના જિલ્લાઓમાં વિભાજન થનાર રાજકોટ જિલ્લાને કેટલા જિલ્લાની સરહદ સ્પર્શે છે ?
➔ **૭ (સાત)**
૧૧. વર્ષ ૨૦૧૩માં રાજયના જિલ્લાઓનાં વિભાજન થતા ખેડા જિલ્લાને કેટલા જિલ્લાની સરહદ સ્પર્શે છે ?
➔ **૭ (સાત)**
૧૨. વર્ષ ૨૦૧૩માં રાજયના જિલ્લાઓમાં વિભાજન થતા અમદાવાદ જિલ્લાને કેટલા જિલ્લાની સરહદ સ્પર્શે છે?
➔ **૭ (સાત)**
૧૩. વર્ષ ૨૦૧૮માં યોજાનાર પુરૂષ હોકી વિશ્વકપની યજમાની કયો દેશ કરશે ?
➔ **ભારત**
૧૪. વર્ષ ૨૦૧૮માં યોજાનાર મહિલા વિશ્વ કપની યજમાની કયો દેશ કરશે ?
➔ **ઇંગ્લેન્ડ**
૧૫. કોમનવેલ્થ હેટ્સ ઓફ ગવર્મેન્ટ મિટીંગ-૨૦૧૩ (ચોગમ સંમેલન) કયા દેશમાં યોજાયું હતું ?
➔ **શ્રીલંકા (કોલંબો)**
૧૬. ચોગમ સંમેલન દર કેટલા વર્ષે યોજાય છે?
➔ **દર બે વર્ષે**
૧૭. વર્ષ ૨૦૧૩માં ફોરેન પોલિસી મેગેઝીનના ૧૦૦ ટોચના વિચારકોની સૂચિમાં પ્રથમ સ્થાન કોને આપવામાં આવ્યું છે?
➔ **એડવર્ડ સ્નોડેન**
૧૮. વર્ષ ૨૦૧૩માં ફોરેન પોલિસી મેગેઝીનના ૧૦૦ ટોચના વિચારકોની સૂચિમાં અરવિંદ કેજરીવાલને કેટલામું સ્થાન આપવામાં આવ્યું છે?
૧૯. તાજેતરમાં નિધન પામેલ નેલ્સન મંડેલાની યાદમાં ‘આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ’ કઇ તારીખે મનાવવામાં આવે છે ?
➔ **૧૮ જુલાઇ**
૨૦. વર્ષ ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય હથિયાર મેળો કયાં યોજાયો હતો ?
➔ **દિલ્હી**

# લગ્ન વિષયક તકરારમાં બંને પક્ષોએ એકબીજા સાથે બેસીને સંવાદને આધારે તકરારનું નિવારણ લાવવાની કોશિષ કરવી જોઇએ, ઘણાં બધાં કેસોમાં આવી કોશિષ થતી પણ જોવા મળે છે

**મહિલા સમાજ અને કાયદો**

ડૉ. ભાવના કે. જોશીપુરા

રીટાને શહેરમાં છોડી હરેશ જતો રહયો છે, શહેરના છેવાડાના મફતીયાપરામાં રીટા બાળકો સાથે રહે છે. રીટા એવા ઘરની વ્યકિત છે કે જે ભીખ માંગવા જઈ શકે નહીં અને ભૂખે પણ મરી શકે નહીં. રીટા ખૂબ વિકટ સંજોગોમાંથી પસાર થઈ રહી છે. શરૂઆતમાં રીટાના પિતા તરફથી પણ થોડી ઘણી મદદ મળે છે પરંતુ કળવી વાસ્તવિકતા એ છે કે અન્ય સહારાના આધારે કેટલો સમય વ્યકિત જીવન વિતાવી શકે? વ્યકિતએ પોતે જ પોતાના જીવનનો રસ્તો નકકી કરવાનો હોય છે.

રીટાની કથની આખી લખવા બેસું તો ઘણીં લાંબી વાત થાય. રીટાના રોજબરોજના જીવનના પ્રશ્નો, બાળકો સંદર્ભેના પ્રશ્નો આ બધી બાબતો વચ્ચે જયારે રીટાને મળવાનું થયું ત્યારે અમોએ રીટાને તરત જ સલાહ આપી કે રીટાને તેના પતિ પાસેથી પોતાની જાત માટે અને બાળકોના ભરણપોષણ માટે અદાલતમાં અરજી થઈ શકે છે. રીટાએ વળતો જવાબ આપ્યો કે કેસ ચાલતા તો લાંબો સમય થાય ને? વળી, મારો પતિ હાજર ન થાય તો વધારે લાંબુ ચાલે ને? રીટાએ જણાવ્યું કે, રીટા પોતે કાંઈ ઘરે બેસીને કામાઈ શકે તેવી યોજના ખરી?

રીટાની આત્મખુમારી ખરેખર હદયને સ્પર્શી ગયેલ. એક સ્ત્રી મહેનત કરીને પોતે કમાણી કરવા માંગે છે તે બાબત જ ખૂબ મહત્વની છે. રીટાને સિલાઈ કામ આવડતું હતું. રીટાને સિલાઈના સંચા પણ પુરા પાડવામાં આવ્યા. રીટાને સિલાઈ શીખવવા સંદર્ભેની ખ્યાતી દિવસેને દિવસે વધતી ગઈ. રીટા પોતે ખૂબજ મુશ્કેલીમાં મુકાયેલ હતી જેથી તેણીએ પોતાના વિસ્તારમાં મુશ્કેલીમાં મુકાતી સ્ત્રીઓને મદદરૂપ થવાં પણ અમોને જણાવ્યું અને આમ આખા વિસ્તારમાં મુશ્કેલીમાં મુકાતી સ્ત્રીઓને માટે એક માર્ગ મોકળો થયો. સ્વાવલંબન કેન્દ્ર સાથે કાનૂની જાગૃતિનો સંદેશ પણ ફરતો થયો. રીટાના બાળકો માટે ભરણપોષણની અરજી પણ અદાલતમાં દાખલ થઈ.

રીટાએ હરેશ સામે ભરણપોષણની અરજી અદાલતમાં દાખલ કર્યા બાદ હરેશ લાપતા થઈ ગયો. અત્યારના સમયમાં એક બાબત એવી જોવા મળે છે કે પતિ અને પત્ની વચ્ચે તકરાર ઉભી થયા બાદ પતિ અદાલતમાં હાજર થવા ન માંગતો હોય ભાગતો ફરે છે. અરે! કેટલાક કેસોમાં તો વર્તમાનપત્રોમાં એવી જાહેરાત જોવા મળે છે કે અમુક વ્યકિત ઘરેથી નાસી ગઈ છે અને ઘરના સભ્યોન કોઈ લેવાદેવા નથી. આવી જાહેરાત આપવાનો હેતુ ઘરના સભ્યો ઉપર ફોજદારી કેસો ભવિષ્યમાં ન થાય તેવો હશે તેમ લાગે છે. પતિ ભાગતો ફરે તેના કારણે પત્નીને વધારે નિરાશા આવે છે અને આમ બંનેના સંબંધો વચ્ચે એક મોટી ખાઈ ઉભી થતી જતી હોય છે. ખરેખર લગ્ન વિષયક તકરારમાં બંને પક્ષોએ એકબીજા સાથે બેસીને સંવાદને આધારે તકરારનું નિવારણ લાવવા કોશિષ કરવી જોઈએ. ઘણાંબધા કેસોમાં આવી કોશિષ થતી પણ જોવા મળે છે. પરેશનું ઉદાહરણ લઈએ તો,

પરેશ એક ભણેલ ગણેલ યુવક છે. પોતાની જ્ઞાતિ બહારની એક દિકરી સાથે કોલેજકાળ દરમ્યાન પ્રેમમાં પડે છે. પૂથમ તો દિકરીના ઘરના સભ્યો લગ્ન માટે સંમતિ આપતા નથી. લાંબા સમયની રાહ જોયા બાદ પરેશ અને હર્ષાના લગ્ન થાય છે. પરેશ અને હર્ષાનું લગ્નજીવન સારી રીતે ચાલે છે. આખરે બે વર્ષ બાદ હર્ષા પહેલીવાર પોતાના માતાપિતાને ત્યાં તહેવાર ઉજવવા માટે જાય છે. હર્ષા તહેવારમાં પિયરમાં ગયા બાદ પોતે સાસરે પરત આવતી નથી.

પરેશ અનેકવાર હર્ષાને મળવા જવાની કોશિષ કરે છે, હર્ષા મળી શકતી નથી. પરેશ હર્ષાને અનેક ફોન પણ કરે છે. હર્ષાનો ફોન તેના પિતા પાસે છે. હર્ષાના પિતા કડક શબ્દોમાં પરેશને ફોન કરવાની પણ ના પાડી દે છે.

પરેશ ખૂબ મૂંઝવણમાં મુકાઈ છે. પરેશ એમ વિચારે છે કે હર્ષાની માતાની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કર્યા તેથી હર્ષાની માતા હર્ષાને પિયરમાં રોકી રાખી રહી છે. પોતાના મનમાં વિચાર આવે તે જ સાચી હકીકત હશે તેવું માનવું પણ ભુલ ભરેલું છે, પરેશને આવી બાબત કોણ સમજાવે?

પરેશ અને હર્ષા વચ્ચે કાંઈક એવી બાબત બની છે કે હર્ષાને પરેશ હવે ગમતો નથી અને હર્ષા પરેશ સાથે રહેવા માંગતી નથી. હર્ષા પક્ષે તેના સંબંધીઓ અને વડિલો પરેશ અને તેના વડિલોને મળવાનું જણાવે છે. હર્ષા પક્ષે શાંતીથી છુટા પડી જવાનું પણ જણાવામાં આવે છે. પરેશ અને તેના પિતા હર્ષાના વડિલોને જવાબ જ આપતા નથી. પરેશ એવું જણાવે છે કે પોતે હર્ષાથી છુટાછેડા લેવા માંગતો નથી અને તેથી તે હર્ષાના વડિલોને મળતો નથી. જયારે બે પક્ષ વચ્ચે લગ્ન વિષયક તકરાર ઉભી થઈ હોય ત્યારે પૂથમ તો સામ સામે બેસીને ઉભી થયેલ તકરારના મૂળમાં જવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જે જગ્યાએથી અણસમજના બીજ કે ગેરસમજના બીજ ઉભા થયા હોય તેને શોધવાનો પૂયત્ન કરવો જોઈએ. જો બંને પક્ષો પોતાની મેળે સાથે બેસી શકે તેમ ન હોય તો કુટુંબ સલાહ કેન્દ્રનો આશરો લેવો જોઈએ. કુટુંબ સલાહ કેન્દ્રના કાઉન્સીલરો એ કાઉન્સીલીંગ અને સમજાવટને આધારે તકરારનું નિવારણ લાવવા સક્ષમ હોય છે. પરેશ તો કોઈ કુટુંબ સલાહ કેન્દ્રમાં જવા માટે પણ તૈયાર નથી. જો પરેશ પોતાની જીદમાં કાયમ રહે તો પરેશની જીદનો ભોગ પરેશના કુટુંબને બનવું પડે પરંતુ પરેશને આ સમજાવે કોણ ?

ફરીથી રીટાની બાબત પર આવીએ તો રીટાનો પતિ એક ગામડેથી બીજે ગામડે ભાગતો ફરે છે. રીટા પોતે પણ હરેશની તપાસ કરે છે. હરેશ જે ગામડામાં છુપાયો છે તે બાબતની માહિતી પોતાના વકીલને આપે છે. અદાલતમાં વ્યકિતનું બદલાયેલું સરનામું પણ આપવી શકાવની જોગવાઈ છે. હરેશને હાથો હાથ નોટિસ લઈને બજાવવામાં આવે છે. હરેશ અદાલતમાં હાજર થાય છે. લગભગ ચાર વર્ષના લાંબાગાળા બાદ હરેશ અદાલતમાં હાજર થાય છે. હરેશ જણાવે છે કે રીટાને તેડી જવા માંગે છે.

એક સ્ત્રીની મનોવેદનનો વિચાર કરીએ તો, રીટાને વિચાર આવે છે કે પોતે ચાર ચાર વર્ષ સુધી એકલા હાથે ઝઝૂમી છે. રીટાએ તનતોડ મજૂરી કરીને પોતાની જાતનો પણ વિચાર કર્યા વગર પોતાના બાળકો માટે જાત ઘસી નાખી છે. કયારેક તો ત્રણસો ત્રણ તાવમાં પણ સિલાઈ કામ કરવું પડયું છે. જો કામ ન કરે તો પૈસા કમાઈ શકાય નહી અને કમાણી ન થાય તો ખાવું શું ? રીટા હરેશને જણાવે છે કે ચાર વર્ષ ભાગતા રહયા પછી તેડી જવાની બાબત કેટલે અંશે વ્યાજબી છે?

હરેશ અદાલતમાં મધ્યસ્થીથી કેસના નિવારણ લાવવા માટે વિનંતી કરે છે. રીટા પણ કોઈ લાંબો કેસ ચલાવવા માંગતી નથી, રીટા પણ લગ્ન વિષયક તકરાનું નિવારણ લાવવા માંગે છે પરંતુ રીટાને હરેશમાં વિશ્વાસ નથી. પતિનું આમ અચાનક ઘરેથી જતા રહેવું અને વર્ષો સુધી પત્ની અને બાળકોની દરકાર ન કરવી તેનો પત્નીને ઘણો મોટો આઘાત લાગતો હોય છે. સવાલ એ છે કે આવો થયેલો આઘાત એ મનનમાં રાખીને જીંદગી વેડફાવવા દેવી? કે પછી સાથે બેસીને કોઈ કાયમી નિરાકરણ લાવવાની કોશિષ કરવી? રીટા સમજુ અને શાણી છે. જીંદગીમાં આવેલા સંઘર્ષને આધારે સમજણ વિકાસ પામી છે. રીટા સમજણને આધારે કયા પ્રકારે આગળ વધે છે? પરેશ અને હર્ષાના કેસમાં શું થયું? મધ્યસ્થીથી કેસનું નિરાકરણ એ બધી બાબત સાથે મળીએ આવતે અંકે...